# શ્રી સરસ્વતી મહાવિદ્યાલય ખાતે સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેટિવ આઈડિયા અંતર્ગત સેમિનાર યોજાયો



**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૧૯**

પરવત ગામ ખાતે જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી સરસ્વતી મહા વિદ્યાલયમાં દ. ગુ. યુનિ.ના આઈડિયા એન્ડ ઈનોવેશન વિભાગ દ્વારા SESSIONS FOR STUDENT STARTUP AND INNOVATION વિષય ઉપર સેમિનારનું આયોજન તા. ૧૯ને મંગળવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને નવા સ્ટાર્ટઅપ કઇ રીતે શરૂ કરવા, નવા આઈડિયા, ફંડિંગની જાણકારી દ. ગુ. યુનિ.ના આઈડિયા એન્ડ ઈનોવેશન વિભાગના સિદ્ધિ પટેલ અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી.

સમગ્ર સેમીનારનું આયોજન કોલેજના ઈર્નચાજ આર્ચાય. પ્રો રશ્મિતા નાયકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમજ સંકલન પ્રો. જિનલ તગારીવાલા અને પ્રો. જયસુખ ઝીઝાળા દ્વારા કરવામાં આવ્યું હતું. સમિનારમાં દ. ગુ. યુનિ.ના આઈડિયા અને ઈનોવેશન વિભાગના દિવ્યેશ બારીયા, પુજા કંટારીયા કોલેજના અધ્યાપક પ્રો. નીતિન બિંદ, પ્રો. મમતા રામચંદાની, પ્રો. વિશાલ ચૌધરી હાજર રહ્યા હતા.